# શ્રી એમ.એફ. મંડલી, ઔદ્યોગિક અદાલત, સુરત સમક્ષ,

**રેફરન્સ (આઈ.ટી.) નં.૭/૨૦૧૮**
**આંક–૯**

**વ્યવસ્થાપકશ્રી,**
**ડેમોસા કેમીકલ્સ પ્રા.લી.,**
**૮૨, જી.આઈ.ડી.સી., ગુંદલાવ,**
**તા.જી. વલસાડ. ... ... ...પ્રથમ પક્ષકાર.**

**વિરુધ્ધ**

**સેક્રેટરીશ્રી,**
**ગુજરાત મઝદુર સભા,**
**૧૦૪, મહારાણા પ્રતાપ કોમ્પ્લેક્ષ,**
**વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ,**
**અમદાવાદ–૩૮૦૦૦૬. ... ... ...બીજા પક્ષકાર.**

**પ્રથમ પક્ષકાર તરફે :– વિ.વ. શ્રી એમ.એન. પારેખ.**
**બીજા પક્ષકાર તરફે :– કોઈ હાજર નથી.**

## વિષય :– ઔદ્યોગિક વિવાદ અધિનિયમ–૧૯૪૭ હેઠળ ન્યાય નિર્ણય બાબતનો રેફરન્સ.

**–:એ વો ર્ડ:–**

**(૧) હાલનો આ ઔદ્યોગીક વિવાદ શ્રમ આયુકતની કચેરી, ગાંધીનગરનાંએ તેમનાં તા.૧૧/૦૭/૧૮ નાં હુકમ ક્રમાંક કે.એચ.એસ./એચ.એમ.સી./૪૦૫૨૮/૫/૨/આઈડીઆર/એજે/૩૨૯/૨૦૧૭ થી આ ઔદ્યોગિક ન્યાય પંચ સમક્ષ ન્યાય નિર્ણય અર્થે મોકલેલ છે. જેની અનુસુચિ નીચે મુજબ છે.**

**– : અનુસુચિ : –**

**૧. તા.૨૦/૦૮/૧૨ થી તા.૩૦/૮/૧૨ સુધીની કામદારોની હડતાળ સંપૂર્ણપણે ન્યાયી, વ્યાજબી, કાયદેસરની છે કે કેમ ? તે સંબંધે કામદારો આ સમયગાળાનો પુરેપુરો પગાર અને અન્ય તમામ લાભો મેળવવા હકકદાર છે કે કેમ ?**

૨. કંપનીનું શ્રી બચુભાઈ ભગાભાઈ પટેલને ગેરકાયદેસર રીતે સસ્પેન્ડ કરવાનું પગલું અને તેઓ સંબંધે શિક્ષાત્મક કાર્યવાહી કરવાનું પગલું પ્રથમથી જ ગેરકાયદેસર અને રદ કરવાપાત્ર ઠરાવીને તાત્કાલીક તેમની અસલ જગ્યાએ ફરજ ઉપર લઈ તેઓને પુરેપુરો પગાર અને અન્ય તમામ લાભો ચુકવવા જોઈએ કે કેમ ?

(૨) આંક–૩,૪ તથા ૫ ની નોટીસો છે. આંક–૬ તથા આંક–૭ થી પોસ્ટની એકનોલેજમેન્ટ છે. આંક–૮ થી પ્રથમ પક્ષકાર તરફે વકીલશ્રી એમ.એન. પારેખનું વકીલપત્ર.

(૩) પક્ષકારોનાં પક્ષનિવેદનો વંચાણે લેતાં હાલનાં રેફરન્સનાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદાઓ :–**

(૧) શું બીજા પક્ષકાર પુરવાર કરે છે કે, અનુસુચિમાં જણાવેલ દાદ મેળવવા હકકદાર છે કે કેમ ?

(૨) શું હુકમ ?

(૪) ઉપરોકત મુદ્દાઓનાં મારા નિર્ણયો નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

**નિર્ણયો :–**

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ

## – :: કારણો :: –

(૫) **મુદા નં. ૧ :–**

સબબ મુદ્દા નં.૧ સંબંધે જોતા આ કામે અનુસુચિ અન્વયેની હકીકતે સંબંધિત કામદારનાએ માંગણાનું નિવેદન રજુ કરેલ નથી. તા.૨૯/૮/૨૨ ના રોજ માંગણાનું નિવેદન રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. બીજા પક્ષકાર યુનિયનના પુરાવા પર કામ હોઈ છતા પુરાવો રજુ કરતા ન હોઈ તા.૧૯/૯/૨૨ ના રોજકામ પ્રમાણે બીજા પક્ષકારનો પુરાવાનો હકક બંધ કરેલ છે. આજરોજ પણ બીજા પક્ષકારનાએ કોઈ મૌખિક પુરાવા આપેલ ન હોય આ કામે બીજા પક્ષકારને પ્રથમ સીટીંગ તથા બીજા

સીટીંગમાં વારંવાર ૩–૩ વખત પોકાર કરાવવા છતાં કોઈ હાજર નથી. કામ ચલાવવા સારું કોઈ મુદત રીપોર્ટ નથી. અગાઉ પણ મુદતો આપવા છતા કોઈ હાજર રહેલ નથી. આમ બીજા પક્ષકાર તરફે કામ ચલાવવામાં કોઈ રસ જણાતો નથી. આજરોજ બીજા પક્ષકારની ગેરહાજરીમાં અને પુરાવાના અભાવેની નિષ્કાળજીને ધ્યાને લેતા રેફરન્સની અનુસુચિ પુરવાર થતી નથી. આમ બીજા પક્ષકારના પુરાવાના અભાવે હાલનો રેફરન્સ ડીસમીસ (રદ) કર્યા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી. જેથી ન્યાયિક હેતુથી પણ જોતા આ કામે મુદ્દા નં.૧ નો નિર્ણય બીજા પક્ષકારની તરફેણમાં " <u>નકારાત્મક</u> " ઠરાવવામાં આવે છે.

ઉપરોકત તમામ ચર્ચા અન્વયે મુદ્દા નં.ર સંબંધે છેવટનો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

આ રેફરન્સ ખર્ચ સહ ડીસમીસ (રદ) કરવાનો હુકમ કરવામાં આવે છે.

સ્થળ : સુરત.
તારીખ : ૦૩/૧૦/૨૦૨૨.

(એમ.એફ. મંડલી)
જી.જે. ૦૦૪૦૮
સભ્ય,
ઔધોગિક અદાલત,
સુરત.